R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction
(મો).૯૮૨૫૧૬૯૩૮૬
અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા
http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 22•ISSUE: 38/39 DATE: 22-09-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( ) ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## દહેજ કેસમાં પતિની તત્કાળ ધરપકડ થઇ શકશે : પતિ પાસે આગોતરા જમીન લેવાનો વિકલ્પ ખુલ્લોઃ સુપ્રીમે જુનો ચુકાદો ફેરવી તોળ્યો

દહેજ સતાવણીના કેસમાં સુપ્રીમ કોર્ટે એક મહત્વનો ચુકાદો જાહેર કર્યો છે.સુપ્રીમ કોર્ટે પોતાનો એક જુનો ચુકાદો બદલીને પતિના પરિવારને મળતું સુરક્ષા કવચ ખતમ કરી દીધું છે.એટલે હવેથી દહેજ મામલે સતામણીના કેસમાં પતિની તાત્કાલિક ધરપકડ થઈ શકશે.આ ચુકાદો આપનારી સુપ્રીમ કોર્ટેની બેન્ચમાં ચીફ જસ્ટીસ દિપક મિશ્રા,જસ્ટીસ એ.એમ.ખાનવિલકર,અને જસ્ટીસ ડી.વાય.ચંદ્રચુડ સામેલ હતા.દહેજ સતાવણી કાનુન(૪૯૮એ) પર પોતાના ચુકાદામાં સુપ્રીમ કોર્ટે કહયું કે હવે ફરિયાદની સુનાવણી માટે કોઈ પરિવાર કલ્યાણ કમિટિની જરુર રહેશે નહીં.

કોર્ટનું કહેવું છે કે પીડીત મહિલાની સુરક્ષા માટે આ પ્રકારના નિર્ણયની ખુબ જરુર છે. જો કે, પતિ માટે આગોતરા જામીન લેવાનો વિકલ્પ સુપ્રીમ કોર્ટે ખુલ્લો રાખ્યો છે.સુપ્રીમ કોર્ટે કહ્યુ કે સમાજમાં મહિલાઓને સમાન હક મળવો જોઈએ. એમાં કોઈ શંકા નથી સાથે અમે એવો ચુકાદો આપી શકીએ નહીં કે જેનાથી પુરુષ પર કોઈ વિપરિત અસર પડે.

સુપ્રીમ કોર્ટે બે જજની બેન્ચના ચુકાદાને ફેરવી નાંખતા કહ્યુ કે અમે દહેજ સતામણી કેસમાં ધરપકડ પહેલાં આગોતરા જામીનની જોગવાઈને સુરક્ષિત કરી છે. ઉલ્લેખનીય છે કે ૨૦૧૭માં સુપ્રીમ કોર્ટના બે જજની બેન્ચે આદેશ આપ્યો હતો કે દહેજના મામલામાં પતિ કે એમના પરિવારની સીધી ધરપકડ થઈ શકે નહીં.

## સુપ્રીમ કોર્ટના આદેશનું ઉલ્લંઘન કરીને મિશનરીઝના તપાસ પંચે પીડીતાની તસવીર જાહેર કરી દીધી

દેશભરમાં નન સાથે બળાત્કારના આરોપી બિશપ ફ્રેન્કો મુલક્કલની ધરપકડની માંગણી થઈ રહી હોય પણ મિશનરીઝ ઓફ જીસસે તેમને સમર્થન આપીને એક મોટો વિવાદ સર્જી દીધો છે.વાસ્તવમાં, મિશનરીઝ ઓફ જિસસના તપાસ પંચે તપાસમ મળેલા તથ્યો રજુ કરીને પીડીતાની તસવીર જાહેર કરી દીધી છે. અને કહ્યુ છે કે તસવીરમાં પીડીતા બિશપની સાથે બેઠેલી દેખાય છે.જેથી બળાત્કાર થયો નથી એ સાબિત થાય છે.

ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર કોઈપણ વ્યક્તિ રેપ પીડીતાની તસવીર જાહેર કરી શકે નહીં. જ્યારે આ આદેશનું મિશનરીઝ ઓફ જિસસે ઉલ્લંઘન કર્યું છે. મિશનરીઝ ઓફ જિસસે બિશપ વિરુધ્ધના આરોપને ષડયંત્ર હોવાનું કહ્યું છે. ચર્ચ ગ્રુપના કહેવા પ્રમાણે પીડીતાએ પાંચ નન સાથે મળીને જલંધરના બિશપ વિરુધ્ધ ષડયંત્ર રચ્યું છે. તપાસ પંચનો દાવો છે કે બિશપ ૫ મે,૨૦૧૫ના રોજ કુરવિલગાંડમાં રોકાયા નહોતા. આ સાથે એમ પણ કહેવાયું છે કે ૨૩ મે,૨૦૧૫ની એક તસવીરમાં બિશપ સાથે નન જોવા મળે છે. અને તેનાથી સાબિત થાય છે કે રેપ થયો નથી. તપાસ પંચના કહેવા પ્રમાણે બદલો લેવાની ભાવનાથી નન આવું કરી રહી છે.

## માનવ વિકાસ ઇન્ડેક્સમાં ભારત ૧૩૦માં સ્થાને પહોચ્યું

ભારતમાં અસમાનતા હજુ પણ તેના વિકાસના માર્ગમાં મોટો પડકાર બની ગઈ છે. તેના પ્રમાણે અસમાનતાના કારણે ભારતીની એચડીઆઈ વેલ્યંને ૨૬.૮ ટકાનું નુકશાન થયું છે.આ નુકશાન દક્ષિણ એશિયન દેશોમાં સૌથી વધુ છે.સંયુક્ત રાષ્ટ્રવિકાસ કાર્યક્રમ દ્વારા જારી નવા હ્યુમન ડેવલબમેન્ટ ઈન્ડેક્સનું મુલ્ય સરેરાશ ૦.૬૩૮થી વધુ છે. આ યાદીમાં બાંગલાદેશ અને પાકિસ્તાન ક્રમશ : ૧૩૬ અને ૧૫૦માં સ્થાને છે.૨૦૧૬માં બારતનું સ્થાન ૧૩૧માં સ્થાને રહ્યું હતું.

એચઆઈડીમાં માનવ વિકાસના ત્રણ બુનિયાદી પાસાઓમાં દીર્ઘકાલિન પ્રગતિનો અંદાજ મેળવવામાં આવે છે. આ ત્રણ પાસાઓમાં દીર્ઘ અને સ્વસ્થ જીવન જ્ઞાનનો પ્રસાર અને ઉત્તમ રહેણી કરણીનું સારુ સ્તર સામેલ છે. આ સુચીમાં નોર્વે,સ્વિત્ઝલેન્ડ,ઓસ્ટ્રેલીયા, આર્યલેન્ડ અને જર્મની ટોચ પર છે.આ રિપોર્ટ અનુસાર ભારતનું એચઆઈડી મુલ્ય ૨૬.૮ ટકા જેટલું અસમાનતાને કારણે ઘટ્યું છે.રિપોર્ટ અનુસાર અસમાનતાના કારણે ભારત માટે પડકાર છે.કેન્દ્ર સરકાર અને અનેક રાજ્ય સરકારોએ વિવિધ સામાજિક સંરક્ષણ ઉપાયો દ્વારા એ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કર્યો છે કે આર્થિક વિકાસનો લાભ વ્યાપક રીતે શેર કરવામાં આવે અને કતારમાં ઉબેલા અંતિમ વ્યક્તિ સુધી પહોચે. આ રિપોર્ટમાં જણાવાયું છે કે ભારતમાં નીતિ અને કાયદાકીય સ્તરે ઘણી પ્રગતિ થયા પછી પણ મહિલાઓ રાજકીય,આર્થિક અને સામાજીક રીતે પુરુષોની તુલનામાં ઓછી શસક્ત છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-

## ઇસરો જાસુસી કેસમાં પુર્વ વૈજ્ઞાનિક નારાયણને સુપ્રીમ કોર્ટે નિર્દોષ ઠરાવીને રુ.પચાસ લાખનું વળતર આપવાનો આદેશ જારી કર્યો



જાસુસી કેસમાં નિર્દોષ સાબિત થયેલા ઈન્ડીયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન(ઈસરો)ના પુર્વ વૈજ્ઞાનિક નામ્બી નારયણને સુપ્રીમ કોર્ટ દ્વારા મોટી રાહત મળી છે.સુપ્રીમ કોર્ટે પુર્વ વૈજ્ઞાનિકને રુપીયા પચાસ લાખનું વળતર ચુકવવાનો આદેશ કર્યો છે.નારયણને ફસાવવાના મામલામાં કેરળ પોલીસના અદિકારીઓની શંકાસ્પદ ભુમિકાને લઈને ન્યાયિક કમિટિની રચના પણ કરવામાં આવી છે. આ કમિટિ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારમાં સભ્યો નિયુક્ત કરશે. કમિટિના અધ્યક્ષ તરીકે સુપ્રીમ કોર્ટના પુર્વ જસ્ટીસ ડીકે જૈનેસ રહેશે.આ પહેલા નારાયણની અપીલ પર સુપ્રીમ કોર્ટે પોતાનો ચુકાદો સુરક્ષિત રાખ્યો હતો.નારાયણે પોતાની અરજીમાં કેરળના પુર્વ ડીજીપી મેથ્યુ અને અન્ય વિરુધ્ધ કાર્યવાહી કરવાની માંગણી કરી હતી.હકીકતમાં સીબી મેથ્યુએ આ જાસુસી કેસની તપાસ કરી હતી.

નારાયણે કેરલ હાઈકોર્ટના આદેશ વિરુધ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. હાઈકોર્ટે પોતાના આદેશમાં કહ્યું હતું કે ડીજીપી સીબી મેથ્યું અને બે નિવૃત પોલીસ અધિકારી વિરુધ્ધ કાર્યવાહી કરવાની કોઈ જરુર નથી. આ અધિકારીઓ સીબીઆઈએ નારાયણની ધરપકડ માટે જવાબદાર ઠેરવ્યા હતા.

૧૯૯૪માં માલદિવની એક મહિલાને ઈસરોના ક્રાયોજેનિક એન્જીનની ડિઝાઈન વેચી નાંખવાના કેસમાં ઈસરોના કેટલાક વિજ્ઞાનીઓની ધરપકડ કરી હતી.આ ડિઝાઈન પાકિસ્તાનને મોકલાઈ હોવાનો આરોપ હતો.૧૯૯૬માં કોર્ટે તમામ આરોપીઓને મુક્ત કર્યા પણ નવી કેરળ સરકારે ફરીથી તપાસ કરાવી. ૧૯૯૮માં સુપ્રીમ કોર્ટે આ તપાસના આદેશ રદ કરી દીધો. ૧૯૯૯માં વિજ્ઞાનીઓએ સુપ્રીમમાં વળતરનો દાવો કર્યો હતો.

## રક્તપિર્તના દર્દીઓના પુનઃ વસન માટે નિયમો ઘડવા સુપ્રીમની સુચના

સુપ્રીમ કોર્ટે અનામત અને વિવિધ કલ્યાણકારી લાભ્મો મેળવવા માટે રક્તપિત્તના દર્દીઓને વિકલાંગતા સર્ટીફીકેટ જારી કરવા માટે અલગ નિયમો તૈયાર કરવાની વિચારણા માટે કેન્દ્રને સુચના આપી છે.ચીફ જસ્ટીસ દિપક મિશ્રાની આગેવાની હેઠળની બેન્ચે લેપ્રસી નાબુદી અને તેનાથી પીડીત દર્દીઓના પુનઃવસન માટે કેન્દ્ર અને રાજ્ય સરકારનો નિર્દેશ જારી કર્યા છે.બેન્ચે જણાવ્યુ હતું કે ખાનગી અને સરકારી હોસ્પીટલોમાં લેપ્રસીના દર્દીઓ સાથે ભેદભાવ ન થાય તેની ખાતરી માટે મેડિકલ સ્ટાફને પુરતો સંવેદનશીલ બનાવી દેવો જોઈએ. લેપ્રસીના દર્દીઓને અલગ પાડી દેવામાં ન આવે અને તેઓ પણ સામાન્ય લગ્નજીવન જીવી શકે તે માટે એક ઝુંબેશ પણ ચલાવવી જોઈએ.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
**http://jagadishchristian.com**
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

મુસ્લીમ મહિલાઓને ત્રણ વખત તલાક તલાક તલાક બોલીને છુટાછેડા આપવાની પ્રથા પર રોક લગાવતો વટ હુકમને મોદી સરકારની કેબિનેટની મંજુરી બાદ જારી કરવામાં આવ્યો હતો.સંસદના ચોમાસું સત્રમાં અન્ય રાજકીય પાર્ટીઓ સાથે સર્વસંમતિ નહીં સધાય હોવાને કારણે સરકારે આખરે વટહુકમ બહાર પાડી દીધો હતો.મુસ્લીમ મહિલા લગ્ન અધિકાર સંરક્ષણ કાયદો, ૨૦૧૭ રાજ્યસભામાં પસાર થઇ શક્યો નહોતો. જેને પગલે સરકાર દ્વારા વટહુકમના માધ્યમથી આ ખરડાને કાયદાનું સ્વરુપ આપી દેવાયું છે.

જો કે સરકારને મુસ્લીમ મહિલાઓ પ્રત્યે વધુ સહાનુભુતિ ઉભી થઇ હોય કે આવનારી ચુંટણીઓમાં મુસ્લીમ મહિલાઓના મત અંકે કરવાની ચાલ હોય પરંતુ સરકાર સંસદમાં ફાવી શકી નહી તેથી વટહુકમનો આશરો લઇને આ બાબતને કાયદાનું સ્વરુપ આપ્યું. દિલ્હીમાં સંઘની ત્રણ દિવસીય સેમિનારમાં પણ સંઘના પ્રમુખશ્રીના ભાષણોમાં પણ મુસ્લીમ લોકો પ્રત્યે વ્હાલ ઉભરાયું હોય તેમ દેખાઇ રહ્યું હતું. છેલ્લા સિત્તેર વર્ષોથી સતત આ લઘુમતિઓની માત્ર કોગ્રેસ જ આળ પંપાળ કરે છે તેવું આ લોકો મમળાવતા હતા પરંતુ આ ત્રણ દિવસીય સેમિનારમાં તેમને ગળે વળગાડાવા જેવા પ્રયત્નો થતા દેખાયા. ખેર,સત્તા મેળવવા માટે રાજકીય પક્ષો નીતનવા ખેલ કરે છે તેમાં નવાઇ પામવા જેવું કાંઇ નથી.

કેબિનેટની બેઠક બાદ પત્રકારોને સંબોધન કરતાં કાયદામંત્રી રવિશંકર પ્રસાદે જણાવ્યુ હતું કે આ વટહુકમને તાકીદે મંજુરી આપવી જરુરી હતી. ત્રિપલ તલાકના મુદ્દાને આસ્થા,પ્રાર્થનાના પ્રકાર અથવા ધર્મ સાથે કોઇ લેવાદેવા નથી.આ મહિલાઓના ન્યાય,મહિલાઓના ગૌરવ અને મહિલાઓને સમાન દરજ્જો આપવાનો મામલો છે.પરંતુ કાયદામંત્રી એ વાત ભુલી જાય છે કે તેમના સવોર્ચ નેતાએ આ બાબતે તેઓ કહેછે તેનાથી વિપરિત વર્તન કર્યું છે.તો તે મહિલાને ન્યાય અપાવવા તેઓ શું કરી શકે છે .જો આ બાબતે તેઓ કાંઇ કહે તો તેમની અવદશા થાય તેવું વિચારી શકાય.

કોગ્રેસ પર આરોપ મુકતા પ્રસાદે જણાવ્યુ હતું કે આ ખરડો પસાર કરાવવા રાજ્યસભાના કોગ્રેસ નેતા ગુલામનબી આઝાદને પાંચવાર અપીલ કરી હતી. પરંતુ તેમણે આ વાતને ટાળી દીધી હતી.મુસ્લીમ કેટલાક દેશો છે જેમાં ત્રિપલ તલાક પર પ્રતિબંધ છે.જો કે તલાક કે છુટાછેડાના અનેક કેસો આપણી કોર્ટમાં મોજુદ છે.પતિ પત્ની એકબીજાની સાથે હળીમળીને રહી શકે તેમ ના હોય તો તેઓ છુટા પડી શકે છે પરંતુ અન્યાયી રીતે નહીં.મુસ્લીમ મહિલાઓમાં શિક્ષણ ઓછુ હોવાને કારણે તેઓ તલાક બાદ ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તલાક બાદ તેઓ સામાજિક અને આર્થિક રીતે તેઓ પીડાદાયક જીવન જીવવાને માટે મજબુર બને છે.સાથે સાથે બાળકો સાથે તલાક થાય તો બિચારીને વધુ મજબુર થવું પડે છે. ખેર,તેઓને આર્થિક અને સામાજીક જીવનમાં તલાક બાદ મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરવો ન પડે માટે કાયદામાં તેમને રક્ષણ આપતી જોગવાઇઓ હોવી જરુરી છે.તલાકને મામલે રાજનીતી કોઇપણ પક્ષે કરવી ના જોઇએ પરંતુ હાલની પરિસ્થિતિમાં કોગ્રેસ અને ભાજપ બેઉ પક્ષો તલાકના મામલે રાજનીતિ પર ઉતરી આવ્યા છે.જો કે ભાજપે વટહુકમ બહાર પાડીને પોતાની રાજનીતિમાં આગળ વધી ગયા છે.

## યુએસ વિઝા,ગ્રીનકાર્ડની અરજી અને દસ્તાવેજમાં ભુલ હશે તો નકારી કઢાશે : અગાઉ ભુલ સુધારવા અને બાકી દસ્તાવેજો જમા કરાવવાની તક મળતી હતી

ટ્રમ્પ સરકારે અમેરિકાના વિઝા,ગ્રીનકાર્ડની ઇચ્છા ધરાવનારાઓ માટે વધુ કડકાઇ કરતો નિયમ બહાર પાડ્યો છે.ભારતીય પાસપોર્ટ ધરાવનાર માટે અમેરિકાનો પ્રવાસ વધુ મુશ્કેલ બની રહેશે. ૧૨ સપ્ટે.થી અમેરિકાએ નવો વિઝા નિયમ દાખલ કર્યો ચે જે અંતગર્ત અમેરિકી સત્તાવાળાઓ વિઝા અથવા ગ્રિનકાર્ડ માટેની અરજીમાં રહેલી ખામ અથવા પુરતા દસ્તાવેજ નહીં હોય તો અરજકર્તાને ખામી સુધારવાની તક આપ્યા વગર અરજી નકારી કાઢશે. આ નિયમ એચવન-બી વિઝા માટે અરજી કરનારને લાગુ પડશે. આ નિયમ અમેરિકામાં ગ્રીનકાર્ડ મેળવવા, એચવન-બી વિઝા મેળવવા, અથવા અમેરિકાની નાગરિકતા મેળવવા ઇચ્છતા તમામ લોકોને લાગુ પડશે. અમેરિકામાં દર વર્ષ વિઝા, ગ્રિનકાર્ડ અને સીટીઝનશીપ માટે લગભગ ૭૦ લાખ અરજીઓ થાય છે. જો કે ટુંકા ગાળાના ટ્રાવેલ વિઝા અથવા બિઝનેસવિઝા પર નિયમની નહિવત અસર થશે.

એક અમેરિકી અધિકારીએ જણાવ્યુ હતું કે નવી નીતિ દાખલ થયાની તારીખ બાદ કરાયેલી તમામ અરજી,પીટીશનને આ નવો નિયમ લાગુ પડશે.અમે અમારા કાયદાની સુરક્ષા માટે નીતિમાં બદલાવ કરી રહ્યા છીએ.અમે નકામી અરજીઓને અટકાવીને કાયદાને આધિન રહેતા અરજીકર્તાઓને સુનિશ્ચિત કરવા માંગીએ છીએ.

અમેરીકી ઈમીગ્રેશન વિભાગે જુન મહિનામાં જણાવ્યુ હતું કે નવો નિયમ અધુરી અરજીઓ,પોતાનું સ્થાન મેળવવા માટેના ઈરાદાથી કરાયેલી અરજીઓ અટકાવવા માટે પણ લાગુ કરાયો છે.અમે નિર્દોષ ભુલો માટે અરજકર્તાઓને સજા કરવા માંગતા નથી.

અમલમાં આવેલો નવો નિયમ અમેરિકાના ઈમીગ્રેશન વકીલો મોટો બદલાવ ગણાવી રહ્યા છે. તેમણે જણાવ્યુ છે કે નવા નિયમને કારણે વિઝા અન સ્ટેટસની પ્રક્રિયા વધુ ખર્ચાળ અને લાંબી બની રહેશે.તે ઉપરાંત અરજકર્તા અમેરિકામાંજ હશે અને પ્રક્રિયા દરમિયાન સ્ટેટસ મેળવવામાં નિષ્ફળ જશે તો તેના પર દેશનિકાલનું જોખમ આવી જશે.

નવા નિયમથી એચવન-બી વિઝા અથવા ટુંકા ગાળાના નોનઈમીગ્રન્ટ્સ વિઝા મેળવવા ઈચ્છતા ભારતીય વ્યાવસાયિકોને અસર થશે. તે ઉપરાંત અમેરિકામાં કાયમી વસવાટ માટે ગ્રિનકાર્ડ અને સીટીઝનશીપ માટે અરજી કરતાં ભારતીયો પર સીધી અસર થશે. દર વર્ષે ૯૮૦૦ ભારતીયો કામકાજ સબંધિત ગ્રીનકાર્ડ હાંસલ કરે છે.નવો નિયમ અમલી બનતાંની સાથે ૨૦૧૩માં ઓબામા વહીવટીતંત્ર દ્વારા અપાયેલા આદેશ રદ થઈ જશે.આમ ટ્રમ્પ સરકારે અમેરિકાના વિઝા મેળવવા ઈચ્છુકો પર વધુ એક સકંજો કસ્યો છે.

જેઓને વિઝા મેળવવાની અપેક્ષા છે અને તેઓની પાસે કોઈપણ જાતના અધિકૃત દસ્તાવેજી પુરાવા નથી તેઓ માટે અમેરિકામાં વસવાટ કરવો અઘરો પડશે. ગેરકાયદેસર વસવાટ કરી રહેલા લોકો માટે ટ્રમ્પ શાશન કડક પગલાં લેવાનું છે અને તેથી તેવા લોકો માટે દેશનિકાલ વિકલ્પ બનશે.

## ભાજપના નેતાઓ લઘુમતી સમુદાય વિરુધ્ધ ભડકાઉ નિવેદનો આપી રહ્યા છે જેનાથી મુસ્લીમો અને દલિતો પર હુમલા વધ્યા છે. : યુએન રીપોર્ટ

સંયુક્ત રાષ્ટ્રસંઘ(યુએન)માં સોપાયેલો એક રિપોર્ટ કેન્દ્રની સત્તાધારી પાર્ટી ભાજપાની મુશ્કેલીઓ વધારી શકે છે.યુએનમાં રજુ કરાયેલા રીપોર્ટમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે ભાજપના નેતાઓ લઘુમતી સમુદાય વિરુદ્ધ ભડકાઉ નિવેદનો આપી રહ્યા છે જેનાથી મુસ્લીમો અને દલિતો પર હુમલા વધ્યા છે.આ રિપોર્ટ તેદાયી એચ્યુમી એ તૈયાર કરી છે. જે યુએનમાં સ્પેશીયલ રિપોર્ટર ઓન કન્ટેપરોરી ફોર્મ્સ ઓફ રીજીજમ, રેશીયલ ડિસક્રિમિશન,જેનપોબીયા એન્ડ રિલેટેડ ઈનટોલરેન્સ છે. આ પદ પર સંયુક્ત રાષ્ટ્ર માનવઅધિકાર સમિતિ(યુએનએચઆર)ની તરફથી કોઈ સ્વતંત્ર માનવાધિકાર તજજ્ઞની નિયુક્ત કરાય છે. આ રિપોર્ટમાં ૨૦૧૭માં યુએન આમસભામાં રિઝોલ્યુશનમાં તમામ દેશો દ્વારા જાતિવાદ,નસ્લીય ભેદભાવ, વિદેશી લોકોને નાપસંદ કરવા અને અસહિષ્ણુતા પર અપાયેલા રિપોર્ટનો આધાર માનવામાં આવે છે. પોતાના રિપોર્ટમાં એચ્યુમીએ કહ્યુ કે હિંદુ રાષ્ટ્રવાદદી ભાજપની જીતને દલિતો,મુસ્લીમો,આદીવાસીઓ અને ખ્રિસ્તી સમાજ વિરુધ્ધ હિંસા સાથે જોડવામાં આવે છે.

ફ્રાંસના વિલિયમ પોસ્ટલના ૧૨૦ વર્ષની ઉંમરે મુછના વાળ કાળા હતા.
યુનાનના વૈદ ગેલન ૧૪૦ વર્ષ જીવ્યા હતા.
ડેમન્ડની એક અમીરજાદી ૧૪૦ વર્ષ જીવી હતી.ત્રણ વખત પડી ગયેલા દાંત પાછા આવ્યા હતા.



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં : ૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં : ૯૮૯૮૦૭૨૮૮૧

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોંચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધું પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# વડીલો-વૃધ્ધોની દરકાર અને સારસંભાળ માનવસંસ્કૃતિને ગૌરવવંતી બનાવે છે (અથવા વડીલો - વૃધ્ધોની દરકાર ને સારસંભાળ માનવસંસ્કૃતિને ગૌરવ બક્ષે છે

(૪થી માર્ચ વેટીકન સેંટ પીટર્સ મહાદેવાલયના વિશાળ પ્રાંગણમાં માનવસમુદાયને સંબોધતા ના.પોપ ફ્રાંસિસે અર્વાચીન સંસ્કૃતિ (વિચારસરણી)કે જે વૃધ્ધો તથા વડીલોની ઉપેક્ષા કરે છે અને તેમની સંભાળ લેવામાં બેદરકારી દાખવે છે તેના પ્રતિ સૌનું ધ્યાન ખેચ્યુ હતં ને કહ્યુ : વડીલો-વૃધ્ધોની દરકાર અને સારસંભાલ માનવસંસ્કૃતિને ગૌરવવંતી બનાવે છે. એમણે આગામી સપ્તાહ વૃધ્ધોને અર્પણ કરી એ દિવસો દરમ્યાન એકઠા મળેલ સૌને આ બાબતે મનન ચિંતન કરવા અપીલ કરી હતી.)

વ્હાલા બંધુ ભગિની,

આજે મારા પ્રબોધમાં તથા આવતા બુધવારે આપણે સૌ ભેગા મળીને આપણા પરિવારજનોના વૃધ્ધજનો અર્થાત આપણા દાદા-દાદી,અંકલ-આન્ટી વિશે થોડીક વાતો કરીએ ને તેમને વૃધ્ધાવસ્થામાં નડતી સમસ્યાઓ પર વિચાર કરીને તેના ઉકેલો શોધી કાઢીએ એવી મારી તીવ્ર ઈચ્છા છે. આવતા બુધવારે આપણે તેમના જીવનના આ તબક્કે આપણી ભુમિકા શી હોઈ શકે યા ને શી હોવી જોઈએ તેની થોડીક વાતો કરીશું.

વૈધકીય ક્ષેત્રે થયેલી અભુતપુર્વ પ્રગતિએ આપણું આયુષ્ય લંબાવ્યુ છે એ હકીકત છે પરંતુ , એને કારણે મોટી ઉંમરે પહોચેલ કૌટુંબિક સભ્યોની સંખ્યા પણ વધતી જવા લાગી છે.કમનસીબ એ છે કે આપણા માનવ સમાજે` સૌ સમાજમાં સ્વમાનભેર જીવી શકે તથા તેમની યોગ્ય દરકાર લેવાય એવી કશી વ્યવસ્થા કરી નથી કે એવું કોઈ માળખું વિકસાવ્યું નથી.આપણે જ્યારે યુવાવસ્થામાં હોઈએ છીએ ત્યારે જવલ્લેજ વૃધ્ધાવસ્થાનો વિચાર કરીએ છીએ ; એટલું જ નહીં તે એક રોગ હોય તેમ તેને ટાળીએ છીએ.પરંતુ જ્યારે આપણે પોતે વૃધ્ધાવસ્થાએ પહોચીએ છીએ - ખાસ કરીને તો આપણે ગરીબ હોઈએ,બીમાર પડીએ ને એકલતા અનુભવતા હોઈએ ત્યારે જ ચોપાસના આપણા સમાજનું વલણ કેવું છે તેનો આપણને સાચો ખ્યાલ આવે છે. તથા દુઃખ થાય છે.અર્વાચીન સમાજ એફીસીએન્સી(જીવનમાં સિધ્ધી અને સફળતા)પાછળ ગાંડો થઈ ગયો છે તેને એમ લાગે છે કે વૃધ્ધો તેમાં બાધારુપ છે,બીનઉપજાઉ અને તેથી સમાજને બોજારુપ છે. મારે આપ સૌને કહેવું છે કે સમાજની ગુણવત્તા તે પોતાના વડીલો ને વૃધ્ધો પ્રત્યે કેવું વલણ ધરાવે છે,તેમની કેવી ને કેટલી કાળજી લે છે,સંભાળ રાખે છે તથા સમાજમાં તેમને કેવું સ્થાન આપે છે તેના પરથી નક્કી થાય છે.બેલાશક, વૃધ્ધો અને વડીલોની પુરતી દરકાર લેવી એ કોઈપણ સંસ્કૃતિ ઉપર શુભ અસર કરે છે.આપણે હવે પ્રશ્ન કરીએ : આધુનિક સમાજમાં વૃધ્ધોની પુરતી કાળજી રખાય છે ? સમાજમાં વૃધ્ધો ને વડીલો માટે કોઈ સ્થાન છે ખરુ ?

આપણો સમાજ ત્યારે જ આગળ આવશે ને સાચી પ્રગતિ ત્યારે જ કરશે જ્યારે તે તેના વડીલો વૃધ્ધોનું માન સન્માન જાળવવું ને તેમની કાળજી લેવી તે શીખશે તથા તેને આચરણમાં મુકશે. જે સમાજ વૃધ્ધો અને વડીલોમાં ડહાપણ નિહાળી શકે છે અને તેમના જીવનના દીર્ઘ અનુભવોની કદર કરી જાણે છે તેવો માનવ સમાજ પ્રગતિના પંથે વળશે.એથી ઉલ્ટું જે સમાજમાં આની ઉણપ ને ખોટ છે તેનો વિનાશ થશે એ પણ એટલું જ નક્કી છે ને એમાં લગીરે શંકા નથી.જે સમાજમાં વૃધ્ધો માટે કોઈ સ્થાન નતી, વૃધ્ધો ખોટી અડચણો ને નકામી માથાકુટ કરે છે,સમસ્યાઓ પેદા કરે છે, મુસીબતો પેદા કરે છે વગેરે કહીને તેમની ફેકી દે છે, તરછોડે છે તેવો માનવ સમાજ રોગી છે.એવો માનવ સમાજ પોતાનામાં મોતના ઝેરી જીવલેણ જંતુઓનો ઉછેર કરતો હોઈ અંતે તેનો ભોગ બની જાય છે, ખતમ થઈ જાય છે.

પશ્રિમના દેશોમાં વૈજ્ઞાનિકો આધુનિક યુગને મરણ પથારીએ પડેલો -માંદો વયોવૃધ્ધ યુગ તરીકે ઓળખાવે છે.કારણ એમાં બાળકોની સંખ્યા ઘટતી જાય છે અને મોટી વયના લોકની સંખ્યા ઉત્તરોત્તર વધવા લાગી છે. આ અસમતોલન આપણી સામે ખરેખર તો એક પડકાર છે.અર્વાચીન પેઢી પૈસા ભેગા કરવાની લાલસા અને ગાંડપણમાં આંધળી બનીને વૃધ્ધોને સમાજ પર બોજો ગણે છે ને તેમની અવગણના કરે છે અને તેમના પ્રતિ ઉદાસીનતા દાખવે છે. અર્વાચીન પેઢી એવું માને છે કે વૃધ્ધો બિનઉપજાવું છે એટલુંજ નહીં બોજો છે.ટુંકમાં આવી વિચારસરણીનું દુષ્પરિણામ એવું છે કે તેમને તરછોડી દેવામાં આવે છે.ક્રુરતાને પણ હદ હોય છે !આ તો રોજીંદી ઘટના બની ગઈ છે.કમનસીબી એ છે કે આ પ્રકારની વિચારસરણીને વળગી રહેવું એ તદ્દન અયોગ્ય છે છતાં આપણે તેને છોડતા નથી અને વૃધ્ધો પર ક્રુરતા આચરવાનું ચાલુ રાખીએ છીએ.આની તેમના ઉપર કેવી અસર પડે છે તેનાથી આપણે સાવ અજાણ છીએ. વૃધ્ધો એવું માની લે છે કે હવે મારુ કોઈ નથી,હું અનાથ અને નિરાધાર બની ગયો છું.તેમની ચિંતાઓમાં આપણે ઉમેરો કરીએ છીએ.

આ વાસ્તવિકતા છે,માત્ર કલ્પના નથી. હું બુએનો આઈરેસમાં હતો ત્યારે આ મારી સગી આંકેએ આ બધું જોયું.વડીલોની અવગણના થતી હતી તેનું કારણ આર્થિ સગવડ નહોતી એવું નહોતું.પૈસેટકે સુખી હતા તેઓ પણ તેમના વડીલો સાથે આવો વહેવાર કરતા હતા. વૃધ્ધોની મર્યાદાઓની અવગણના કરવી એ બાબત તો આપણી પોતાની મર્યાદાઓ ઉઘાડી પાડે છે.આજનો ઉપભોક્તા સમાજ એવું કહે છે કે કેવળ યુવાવર્ગને જ જીવનમાં સુખ અને આનંદ માણવાનો અધિકાર છે,વૃધ્ધોને નહીં. હકીકતે તો સમાજમાં ડહાપણના ભંડારો છે . જ્યારે આપણામાં સ્નેહ ચુકાઈ જાય છે ત્યારે આપણી લાગણીઓ પણ બહેરી થઈ જઈને તેની સંવેદના ગુમાવી બેસો છે. આપણને લાગણીહિન બનાવી દે છે.

હું જયારે ત્યાં વૃધ્ધાશ્રમોની મુલાકાતે જતો ને ત્યાંના અંતેવાસીઓને મળતો તથા તેમની ખબરઅંતર કાઢીને તેમને પુછતો કે તમારે સંતાનો છે, કેટલાં છે,તેઓ તમને મળવા આવે છે ?તો જવાબ મળતો કે હા બાળકો છે ને મળવા પણ આવે છે. એક દિવસ એક વૃધ્ધ બહેને મને કહ્યુ : હા, મળવા ચોક્કસ આવેછે. નાતાલ વખતે મળવા આવેલા પછી નથી આવ્યા. હું તેમને મળ્યો ત્યારે ઓગષ્ટ મહીનો ચાલતો હતો. મહિનાઓ સુધી કોઈ જ આવેલું નહી. આપણે કલ્પી શકીએ આ બહેનની વ્યથા. આ તો ધોર પાપ ગણાય, સમજાયછે ?

હુ નાનો હતો ત્યારે મારા દાદીએ એક વાર્તા કહેલી તે મને બરાબર યાદ છે.એક કુટુંબમાં બધા જમવા બેઠા હતા. જમતી વેળાએ વૃધ્ધ દાદાના હાથમાંથી સુપનો વાટકો મોમાં મુકતા તેમના હાથ હલી ગયા ને સુપ ટેબલ પર ઢળી ગયું. ને ટેબલ મેલું થયું. તેમના દીકરાએ, કે જે ઘરનો વડીલ હતો, તેણે આ જોયુ ને ફરીથી ટેબલ મેલું ના થાય તથા મહેમાનો આવ્યા હોય તેમના પર ખોટી છાપ ના પડે એ માટે દાદા માટે એક નાનું બીજુ ટેબલ બનાવડાવ્યું. અને હવે પછી તે રસોડામાં જઈને જુદા બેસીને જમે એવું કહ્યું. થોડા દિવસ બાદ નોકરીમાંથી સાંજે ઘેર આવતાં તેમણે જોયું કે નાના બાબો હથોડો લઈને એક લાકડાના પાટીયા પર ખીટીંઓ લગાવીને કશું ક બનાવતો હતો.તેમને કુતુહલ થયું ને બાબાને પુછ્યુ બેટા તું શું કરે છે ? તેણે જવાબ આપ્યો : પપ્પા હું એક ટેબલ બનાવુ છું. શા માટે ? તો બાબાએ ફટ દને કહ્યુ તમે જ્યારે ઘરડા થાવ ત્યારે જુદા બેસીને જમો ને અમારુ ડાઈનીંગ ટેબલ મેલું ના કરો એ માટે આ ટેબલ બનાવું છું. નાના બાળકો ઘરમાં શું બને છે તે ધ્યાનથી જુએ છે.

ધર્મસભામાં એવં ઘણુ બધુ એકઠું કરેલું છે, જે વડીલો પ્રત્યે આપણું વલણ અને વ્યવહાર કેવો હોવો જોઈએ તે આપણને શીખવે છે.પાછલી વયે વડીલો-વૃધ્ધોને તો વધુ સ્નેહ ને સહાનુભુતિની જરુર પડે છે. એ ના મળે તો એમની લાગણીઓ બહુ દુભાય છે. ધર્મસભા બાઈબલમાંથી પ્રેરણા લે છે. દા.ત.ઉપદેશમાળા ગ્રંથમાં લખેલું છે : વૃધ્ધોના વચનોની અવગણના ન કરવી કારણ તેઓ પણ પોતાના વડવા પાસે શીખ્યા છે. તેમની પાસેથી તને સમજણ મળશે.અને પ્રસંગ આવ્યે કેમ જવાબ આપવો તે તું જાણવા પામશે.(ઉપદેશમાળાં.૮:૯)

ધર્મસભા વડીલો ને વૃધ્ધો પ્રત્યે નકારાત્મક ઉપેક્ષાયુક્ત વલણ દાખવી ના શકે અને એવું થવા દે તે ચલાવી પણ ન લે. આપણે સૌએ તેમના પ્રત્યે કુણી લાગણીઓ કેળવવી જોઈએ છે.જીવનમાં તેમણે પરિવારોમાં જે કંઈ પ્રદાન કર્યું છે તે બહુ કીમતી છે. એટલે તેની કદર કરીને તેમનો આભાર માનવો જોઈએ છે.તેમનો પ્રેમ અનો સ્નેહપુર્વક બધે આવકાર આપવો જોઈએ ને આપણા માનવ સમાજના જ અંગો ગણવા જોઈએ. તેમની લાગણી ક્યારેય ના દુભાય એની ખાસ કાળજી રાખવી જોઈએ.

વડીલો એટલે બીજા કોઈ નહીં પણ આપણા માતપિતા કે જેઓ આ જગતના રસ્તે આપણી પહેલા પગ મુક્યો હતો.ને આપણા ઘરમાં પ્રવેશ કર્યો હતો. તથા જેઓ આદર્શ નમુનેદાર જીવન જીવવા વિવિધ ક્ષેત્ર ઝઝુમ્યા હતા તેઓ છે. તેમની પાસેથી આપણે ઘણું મેળવ્યુ છે. વડીલો પારકા નથી. વાસ્તવમાં ઈચ્છા અનિચ્છાએ આપણે પોતે પણ નજીકના ભવિષ્યમાં પારકા બનવાના છીએ.આપણે જો વડીલોની ઉપેક્ષા ને અવગણના કરીશું તો એક દિવસ આપણી પણ એવી અવદશા થશે.વડીલો સાથેનો આજનો આપણો વ્યવહાર એફ.ડી છે.જેનું વ્યાજ આપણને ભવિષ્યમાં મળશે એ ભુલીએ નહી.

અમે સૌ વૃધ્ધો ઘણા નાજુક છીએિ. કેટલાક તો શારીરીક નબળાઈથી પીડાય છે.ઘણા એકલતા અનુભવે છે અને ઘણા બધા બીમારીમાં સપડાયા છે.કેટલાક તો સાવ પરાધિન બની ગયા છે.ને તેમની બધી જરુરીયાતો માટેબીજાની ઉપર આધાર રાખવો પડે છે.શું આપણે આપણી તેમના પ્રત્યેની ફરજોમાંથી પીછેહટ કરીશું.તેમને તરછોડી દઈશું? કોઈપણ સમજા કે જેમાં સાથ-સહવાસ,કૃતજ્ઞતા અને સ્નેહનો અભાવ છે તેનો વિનાશ નક્કી છે.એવો સમાજ નર્ક સમાન છે.ધર્મસભા એવા સમાજને માન્યતા કદાપિ આપી શકે નહીં અને એવા ખ્રિસ્તી સમુહો કે જેમાં સ્નેહ,સહાનુભુતિ ને કૃતજ્ઞતાની ગેરહાજરી છે, તેનો વિનાશ પણ નક્કી છે. જ્યાં વડીલો ને વૃધ્ધો પ્રતિ ઉદાસીનતા દાખવવામાં આવે છે તેમનું માનસન્માન થતું નથી એવા ઈસાઈ સમુહોમાં મને કહેવાદો કે યુવાવર્ગ માટે પણ કોઈ ભાવિ નથી.

અંતે આજે યુરોપના વિવિધ દેશોમાંથી અહીં આવેલ સૌ યાત્રિકોને ભગવાન ઈસુના આર્શીવાદ પાઠવુ છું ઈસુએ તો હંમેશા તે આપણી સાથે છે ને સદાય રહેશે એવા વચનો ઉચ્ચારીને આપણા સુહને તેના સાનિધ્યની ખાત્રી આપી છે.આપણે તેમના પર અખુટ શ્ર્ધા રાખીએ અને એમના પ્રેમની સુહને, ખાસ કરીને તો વૃધ્ધો અને વડીલોને લ્હાણી કરતા રહીએ તેવી તમ સૌને મારી શુભેચ્છા.

:ભાવાનુવાદઃ

ફાધર વિલયમ(રિશ્તા)

નોધ : ફાધર વિલિયમ અત્યારે આપણે વચ્ચે નથી.એમણે આ લેખ ઉપર રિમાર્ક લખીને મોકલ્યો હતો કે ‘‘સુચના આવે પછી છાપવાનો છે’’ કમનસીબે સુચના મળી નહી.તેથી તેમની ગેરહાજરીમાં આ લેખ છાપવા માટે લઉ છું.અત્યારની સાંપ્રત સ્થિતિમાં વૃધ્ધો અને વડીલોની દયામણી સ્થિતિ માટે આ લેખનો તરજુમો વાચકોને ગમશે તેવું હું માનુ છું.સાથે સાથે આવા અનેક સામાજીક ઉપયોગી ધરાવતા લેખો અને અનુવાદો ફાધર વિલિયમે અમારા સામયિકોને પુરા પાડ્યા છે તે માટે તેમનો ઋણસ્વીકાર કરુ છુ

---

હાલ,ભારતમાં સાઈઠ વર્ષથી વધારે ઉમરના માણસોની સંખ્યા લગભગ ૫૦ કરોડથી વધારે છે.

વીડીયો ટેપ અને વીડીયોરેકોર્ડરની શોધ ૧૯૫૬મા થઈ હતી.

ઈટાલીમાં ૧૦ લાખ પાઉન્ડ ઝવેરાત જડેલી જમણા પગની એક મોજડી હાથ લાગી હતી.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨



**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

# વિદેશ ભાગી જતાં પહેલાં વિજય માલ્યાએ બેન્કો સાથે લોન સેટલમેન્ટ માટે નાણાંમંત્રીને ઓફર કરી હોવાના આરોપો મુક્યા

કેન્દ્ર સરકારને મુંઝવણમાં મુકે તેવા આરોપો બેન્કોની લોન લઇને ભાગી ગયેલા ભાગેડું લીકર કીંગ વિજય માલ્યાએ મુક્યા છે.તેમણે કહ્યુ હતું કે ભારત છોડતાં પહેલા તે નાણાંમંત્રી અરુણ જેટલીને મળ્યા હતા.માલ્યાના આ નિવેદનને કારણે રાજકારણમાં ગરમી આવી ગઇ છે.કોગ્રેસ સહિતના વિપક્ષોએ જેટલી પર તડાપીટ બોલાવી હતી. જો કે જેટલીએ માલ્યાને મળ્યાનો ઈન્કાર કર્યો હતો. ફડચામા ગયેલી કિંગ ફિશર એરલાઈન્સ કંપનીના ભાગેડું માલિક ભારતની પ્રત્યાપર્ણ અરજીના સંદર્ભમાં લંડનની કોર્ટમાં ચાલી રહેલા કેસમાં હાજરી આપવા આવ્યા હતા.તે વખતે કોર્ટની બહાર પત્રકારોએ તેમને એવો સવાલ કર્યો હતો કે તેમને ભારત છોડવા માટેની ટીપ મળી હતી કે કેમ ?આ સવાલના જવાબમાં માલ્યાએ કહ્યુ હતું કે જીનીવામાં યોજાનાર મીટીંગમાં જવાનું હતું તેથી મે દેશ છોડ્યો હતો તે પહેલાં હું નાણાંમંત્રીને મળ્યો હતો.મે તેમને બેન્કો સાથેનું મારુ દેવું સેટલ કરવા માટેની ઓફર કરી હતી.બસ આ જ સત્ય છે. જો કે માલ્યાએ મંત્રીનું નામ આપ્યું નહોતું.૨૦૧૬માં જ્યારે માલ્યાએ દેશ છોડ્યો ત્યારે નાણાંમંત્રી અરુણ જેટલી હતા.માલ્યાએ કહ્યુ હતું કે લોન સેટલ કરવા માટે બેન્કોને અનેકવાર પત્રો લખ્યા હતા. પણ બેન્કોએ તેમના પત્રો અંગે સવાલો કર્યા હતા.માલ્યા ગત વર્ષે એપ્રિલમાં જારી પ્રત્યાર્પણ વોરંટ પછીથી જામીન મુક્ત થે. તેના પર ભારતમાં રુ.૯૦૦૦કરોડની છેતરપીંડી અને મની લોંડરીંગના આરોપો છે.ભારતમાં મુંબઇની આર્થર રોડ જેલની એક બેરેક માલ્યાને રાખવા માટે ચમકાવવામાં આવી છે જેનો વીડીયો ભારતીય અધિકારીઓએ બ્રિટિશ કોર્ટમાં રજુ કર્યો હતો.

માલ્યાએ કહ્યુ હતું કે મને રાજકીય ફુટબોલ બનાવવામાં આવ્યો છે.હું કશું કરી શકું તેમ નથી.મારો આત્મા ચોખ્ખો છે. કર્ણાટક હાઇકોર્ટ સમક્ષ મે રુપીયા ૧૫૦૦૦કરોડની પ્રોપર્ટી મુકી દીધી છે.માલ્યાએ પત્રકારોને કહ્યુ કે મને સવાલો કરો છો તેના કરતાં બેન્કોને તેઓ શા માટે સહકાર આપતી નથી તેવો સવાલ કરવો જોઇએ.

જો કેમાલ્યાના આરોપો બાદ નાણામંત્રી કહ્યુ હતું કે રાજ્યસભાના સાંસદ તરીકેના અધિકારોને તેમણે દુરપયોગ કર્યો છે. એક પ્રસંગે તેઓ સંસદના કોરીડોરમાં ચાલતાં ચાલતાં માલ્યા મને સંભળાય તે મ હું બેન્કો સાથે સેટલમેન્ટ માટે એક ઓફર કરુ છું તેમ તેણે કહ્યુ હતું.તેમ કહીને માલ્યાએ મારી સાથે એક રમત કરી છે.માલ્યાના હાથમાં જે પેપર હતાં તે પણ મને મળ્યા નહોતા.તેમની ઓફર મને આપવાનો કોઇ મતલબ નહોતો તેમણે તેને બેન્કોને આપવી જોઇતી હતી.

કોગ્રેસ સહિત દેશના વિપક્ષોએ મોદી સરકારે માલ્યાને દેશ છોડી જવા દેવાયો તે જાહેર કરવું જોઇએ. ભાજપના પુર્વ નેતા યશવંત સિંહાએ આ માટે ટ્વિટ કરીને આરોપ લગાવ્યો હતો કે માત્ર અરુણ જેટલી જ નહીં પરંતુ વિજય માલ્યાને ભાજપના તમામ નેતાઓ મળ્યા છે.અને એ તમામ નેતાઓએ વિજય માલ્યા સાથેના સબંધોનો ખુલાસો કરવો જોઇએ.

જ્યારે કેજરીવાલે કહ્યુ હતું કે નીરવ મોદીએ દેશ છોડતાં પહેલાં વડાપ્રધાન મોદી સાથે અને માલ્યાએ જેટલી સાથે મુલાકાત કરી હતી. ખરેખર આ મીટીંગોમાં શું રંધાયું એ લોકો જાણવા માંગે છે.કેન્દ્ર સરકાર પર આક્ષેપ છે કે વિજય માલ્યાને સીબીઆઇના લુકઆઉટ સરક્યુલરને હળવો બનાવી જવા દેવાયો હતો.ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામીએ ટ્વિટમાં આ માહિતી આપતાં કહ્યુ હતું કે નોટીસ હળવીમાં કહેવામાં આવ્યું હતું કે જો તે વિદેશ જાય તો તેની ધરપકડ કરવામાં ન આવે.માત્ર તેની માહીતી આપવામાં આવે.સીબીઆઇએ ૧૬ ઓકટો.૨૦૧૫માં લુકઆઉટ નોટીસ જારી કરી હતી.સીબીઆઇએ બ્યુરો ઓફ ઇમીગ્રેશનને અનુરોધ કર્યો હતો કે જો માલ્યા દેશ છોડવાનો પ્રયત્ન કરે તો તેની ધરપકડ કરવી.

# ભાજપા નેતૃત્વ માલ્યા સાથેના સબંધોની સ્પષ્ટતા કરે : યશવંત સિંહા

ભાજપના પુર્વ નેતા યશવંત સિંહાએ જણાવ્યુ હતું કે ફક્ત અરુણ જેટલી જ નહીં પરંતુ ભાજપની આખી નેતાગીરીએ માલ્યા સાથેના તેમના સબંધો અંગેની સ્પષ્ટતા કરવી જોઇએ. ભાજપના તમામ નેતાઓએ વિજય માલ્યા સાથેના તેમના સબંધો કેવા છે તે અંગેની વિગતો જાહેર કરવી જોઇએ.

કેજરીવાલે પણ ટ્વિટ કરીને જણાવ્યુ હતું કે માલ્યાનો ખુલાસો અત્યંત ચોકાવનારો છે.શા માટે નાણાંમંત્રીએ આ માહીતી અત્યાર સુધી છુપાવીને રાખી હતી.નીરવ મોદી ભાગે તે પહેલા પીએમ મોદી મળે છે . વિજય માલ્યા નાસે તે પહેલાં નાણાં મંત્રીને મળે છે. શુ ખીચડી રંધાઇ છે તે લોકો જાણવા માંગે છે.કેજરીવાલે સુબ્રમણ્યમ સ્વામીની ટ્વીટ રિટ્વિટ કરી હતી.જેમાં સ્વામીએ કહ્યુ હતું કે માલ્યા સામે લુકઆઉટ નોટીસ હોવાથી તે એરપોર્ટ પરથી ભાગી શકે નહીં.માલ્યા દિલ્હી આવ્યા હતા અને કોઇને મળ્યા હતા.આ કોઇ શક્તિશાળી નેતા હતા જે નોટીસને બદલી શકે. આ લુકઆઉટ નોટિસ બદલી નાંખનાર કોણ હતું ?

જ્યારે રાહુલ ગાંધીએ ટ્વીટ કરીને જણાવ્યુ હતું કે લંડનમાં વિજય માલ્યાએ કરેલા ગંભીર આક્ષેપોને પગલે વડાપ્રધાને આ કેસમાં તાકીદે સ્વતંત્ર તપાસના આદેશ આપવા જોઇએ. આ તપાસ ચાલતી હોય ત્યારે જેટલીએ રાજીનાણું આપી દેવું જોઇએ.

માલ્યા કેસમાં જેમ જેમ ભાજપની નેતાગીરી વિવિધ નિવેદનો આપે છે તેમાં તે ભરાઇ જાય છે.માલ્યા, નીરવ મોદી કે ચોકસીના કેસમાં ઉચ્ચ નેતાગીરીએ જવા માટે મોકળાસ કરી આપી છે તે નક્કી થાય તેવી શંકા ઉભી થાય છે.

# એસસી-એસટી એકટમાં ૭ વર્ષથી ઓછી સજા હોવાથી આરોપીની સીધી ધરપકડ ના થઇ શકે : કોર્ટ

એસસી-એસટી એકટ પર અલ્હાબાદ હાઇકોર્ટે સ્પુરીમ કોર્ટે આપેલા આદેશને ટાંકતા આરોપીઓની સીધી ધરપકડ સામે નારાજગી જાહેર કરી છે.અલ્હાબાદ હાઇકોર્ટનું કહેવું છે કે આ કાયદાના અન્ય નિયમો કેજેમાં સજા સાત વર્ષ કે તેથી ઓછી છે તે અંતગર્ત આરોપીઓની સીધી ધરપકડ ત્યારે જ સંભવ છે કે જ્યારે આવશ્યક હોય. સુપ્રીમ કોર્ટે સુપ્રીમ કોર્ટના એક મહત્વના ચુકાદાને ટાંકતા કહ્યુ છે કે આવા કેસમાં આરોપીને પહેલાં નોટિસ આપીને પુછપરછ માટે બોલાવવો જોઇએ.આરોપી જો નોટીસની શરતોનું પાલન કરે તો પુછપરછ અને અધુરી તપાસે તેની ધરપકડ થઇ શકે નહીં. જસ્ટીસ અજય લાંબા અને જસ્ટીસ સંજય હરકોલીની બેન્ચે એસસી-એસટી સંદર્ભમાં કેન્દ્ર સરકાર દ્વાર બહાર પાડેલા અધ્યાદેશ પછી ૧૯ ઓગષ્ટે દાખલ થયેલી એફઆઇઆર રદ કરવાની માંગણી સાથે થયેલી અરજીની સુનાવણી દરમિયાન સ્પષ્ટતા કરી હતી.

# રાફેલ સોદામાં વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રીય સુરક્ષા સાથે ચેડા કર્યા છે : અરુણ શૌરી

ભારતીય જનતા પાર્ટીના પુર્વ નેતા યશવંત સિંહા અને અરુણ શૌરીએ ધારાશાસ્ત્રી પ્રશાંત ભુષણ સાથે પત્રકાર પરિષદ યોજીને આક્ષેપ કર્યો હતો કે વડાપ્રધાન મોદીએ હાઇપ્રોફાઇલ રાફેલ સોદા અંગે અંતિમ નિર્ણય લેતાં પહેલાં સંરક્ષણ સામગ્રીની પ્રાપ્તિ પ્રક્રિયાનો ભંગ કર્યો હતો.રાફેલ સોદા માટે વડાપ્રધાન મોદીએ વ્યક્તિગત રીતે જવાબદાર હોવાના આક્ષેપ કરતાં ત્રણેયે જણાવ્યુ હતું કે તેમણે ડિફેન્સ પ્રોક્યુમેન્ટ પ્રોસિજરના તમામ નિયમોને બાયપાસ કરીને રાષ્ટ્રીય સુરક્ષા સાથે ચેડા કર્યા છે.અરુણ શૌરીએ આક્ષેપ કરતાં જણાવ્યુ હતું કે વિમાનોની સંખ્યા જાતે જ એકપક્ષી રીતે ૧૨૬થી ઘટાડીને ૩૬ કરી નાંખી હતી.હકીકતે વાયુદળનું મુખ્યાલય જ સંખ્યા વિષે નિર્ણય લઇ શકે. શૌરીએ આક્ષેપ કર્યો હતો કે માત્ર બે દિવસમાં વડાપ્રધાન મોદીએ વર્ષોથી ચાલી આવતી પ્રક્રિયાને ઉંધીચત્તી કરી નાંખી હતી.તેમને તેમ કરવાની સત્તા નથી.

આવાજ આક્ષેપ કરતાં પ્રશાંત ભુષણે જણાવ્યુ હતું કે સરકાર વાયુસેનાના સેવારત અધિકારીઓને રાફેલ જેટની ખરીદીનો બચાવ કરવા દબાણ કરી રહી છે.વિમાન ઉત્પાદનમાં હિંદુસ્તાન એરોનોટિક્સ લી. જેવી અનુભવી સંસ્થાને બદલે રિલાયન્સ ડિફેન્સ લી. પર પસંદગી ઢોળાંતા લેવાયેલા નિર્ણયને આ નેતાઓએ પડકાર્યો હતો.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**





**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્ક: એ એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રી: પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.